# મઢી સુગર માટે ૫૩ ફોર્મ ભરાયાં

**સહકાર** પેનલ અને કિસાન પરિવર્તન પેનલના ઉમેદવારોએ એક જ દિવસે ફોર્મ ભર્યાં

બારડોલીઃ મઢી સુગરની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે ગુરુવારના રોજ વર્તમાન સહકાર પેનલના તમામ ઉમેદવારોએ ફોર્મ ભર્યું હતું. પ્રમુખ સમીર ભક્તની આગેવાનીમાં ૧૭ પૈકી ૧૫ બેઠક પર ઉમેદવારોએ ઉમેદવારી કરી હતી. જ્યારે કિસાન પરિવર્તન પેનલે ૧૩ બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. અન્ય અપક્ષ મળી કુલ ૫૩ જેટલા ઉમેદવારો નોંધાયા છે. જેમાં ૬મી ઉમેદવારોનો પણ સમાવેશ થઈ જાય છે.

મઢી સુગરની ચૂંટણી માટે રજી સપ્ટેમ્બરથી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ગુરુવારના રોજ મઢી સુગરની ચૂંટણી માટે વર્તમાન પ્રમુખ સમીરભાઈ ભક્તની આગેવાનીમાં સહકાર પેનલ તેમજ સામે પક્ષે કિસાન પરિવર્તન પેનલના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. મઢી સુગરના 13 ઝોન, બિન ઉત્પાદક જૂથના મંડળી પ્રતિનિધિ અને ત્રણ અનામત બેઠક મળી કુલ 17 બેઠક માટે ઉમેદવારોએ પોતાના ટેકેદારો સાથે સંસ્થાની કચેરીમાં ઉમેદવારી કરી હતી. આવનાર ૨૦મી સપ્ટેમ્બરના રોજ મતદાન થનાર છે.

### આટલાં ફોર્મ ભરાયાં

| | |
|---|---|
| સહકાર પેનલ | ૧૫ |
| કિસાન પરિવર્તન | ૧૩ |
| અન્ય અપક્ષ | ૨૩ |

### પિલાણ અને ઉત્પાદન (૨૦૨૫-૨૬)

◆ ૨૦૨૫માં ૮.૮૮ લાખ ટન શેરડી પિલાણ ◆ ફેબ્રુઆરી ૨૬ સુધી ૭.૧૬ લાખ ટન પિલાણ ◆ સરેરાશ સુગર રિકવરી રેટ ૧૦.૮૬% નોંધાયો

## કામરેજ સુગરના પ્રમુખ અને ઉપપ્રમુખની 11 સપ્ટેમ્બરે ચૂંટણી

કામરેજઃ દક્ષિણ ગુજરાતમાં કાર્યરત સુગર ફેક્ટરીઓની ચૂંટણી યોજાઈ રહી છે, જેમાં કામરેજ સુગરની ચૂંટણી પણ તાજેતરમાં જ સંપન્ન થઈ છે ત્યારે સુગરના પ્રમુખ અને ઉપપ્રમુદ પદ માટે આગામી 11મી સપ્ટેમ્બરના રોજ ચૂંટણી માટે ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવશે. કામરેજ તાલુકાના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની 18 બેઠક માટે ચૂંટણી જાહેર થઈ હતી, જેમાં વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલ(દાદી)ની સહકાર પેનલની ચાર બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે બાકી 14 બેઠક માટે સહકાર પેનલની સામે કિસાન પેનલ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો હતો, જેમાં સહકાર પેનલે 10 બેઠક પર વિજય મેળવ્યો હતો. જ્યારે બે અપક્ષ તેમજ બે કિસાન પેનલે બેઠકો કબજે કરી હતી. ત્યારે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે કામરેજના નવનિયુક્ત પ્રાંત યોગરાજસિંહ જાડેજા દ્વારા આગામી 11મી સપ્ટેમ્બરના રોજ કામરેજ સુગરમાં ચૂંટણી કરવામાં આવશે. વધુમાં ભાજપ દ્વારા પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે પાર્ટી દ્વારા મેન્ડેટ આપવામાં આવશે. પ્રમુખ માટે અશ્વિન પટેલ રહેશે.

### ઉપપ્રમુખ માટે આ નામ ચર્ચામાં

(1) અરવિંદભાઈ ભક્ત(વાવ)
(2) અમિત પટેલ(ભારૂંડી)
(3) હેમંત પટેલ(કરજણ)
(4) રણધીરસિંહ ચૌહાણ

# ઓલપાડના સિવાણમાં ૭૫ વર્ષીય વૃદ્ધા સાથે ૩.૭૦.૪૧ લાખની ઠગાઈ

**વૃદ્ધાને** ૩.૭૦.૪૧ લાખ રોકડા ન ચૂકવી તેના નામની બોગસ એફિડેવિટ બનાવી જમીન પચાવવાનો કારસો

**ત્રણ** સામે છેતરપિંડી અને એટ્રોસિટીનો ગુનો દાખલ

સાયણઃ ઓલપાડના સિવાણ ગામની વડીલોપાર્જિત જમીન વેચાણના નામે ૭૫ વર્ષીય વૃદ્ધા રંજનબેન રામુભાઈ પરમાર સાથે ૩.૭૦.૪૧ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ મામલે ઓલપાડ પોલીસ મથકમાં ત્રણ શખ્સ સામે ગુનો નોંધાયો હતો.

મૂળ સુરતના વરાછા રોડના રામદેવ નગર સોસાયટી મ.નં. ૨૫૯ અને હાલ ખેરગામ રહેતાં રંજનબેનની સિવાણ ગામે આવેલી બ્લોક નં.૨૨૦ની જમીનમાંથી ૩,૫૬૭ ચો.મી. હિસ્સો ૩.૭૮.૫૧ લાખમાં વેચવાનું નક્કી થયું હતું. દલાલ ભરત કટારીયા (રહે. શુભમ રેસિડેન્સી, કીમ) મારફતે રાજુ પાટીલ (રહે.,સાંઈધીએર) સાથે આ સોદો થયો હતો, જેમાં ૩.૮.૧૦ લાખ ચેકથી અને બાકીની રકમ દસ્તાવેજ સમયે રોકડા આપવાનું નક્કી કરાયું હતું.

તા.૧૩/૧૦/૨૦૨૩ના રોજ સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે આરોપીઓએ પોતાની પાસે ખેડૂત ખાતું ન હોવાનું બહાનું બતાવી, જમીનનો દસ્તાવેજ ત્રીજા ભાગીદાર કલ્પેશ ધીરુભાઈ આહિર (રહે.,સાંઈધીએર)ના નામે કરાવી લીધો હતો. દસ્તાવેજ નોંધાયા બાદ માત્ર ૩. ૮.૧૦ લાખનો ચેક આપી બાકીના રોકડા ૩.૭૦.૪૧ લાખ બેંકમાંથી ઉપાડીને પહોંચાડી દેવાની ખાતરી આપી હતી. ત્યારબાદ નાણાં ન ચૂકવી ત્રણેય શખ્સોએ એકબીજા પર દોષનો ટોપલો ઢોળ્યો હતો. રંજનબેન કલ્પેશ આહિરના ઘરે ઉઘરાણી અર્થે ગયાં ત્યારે તેમને જાતિવિષયક અપમાનજનક શબ્દો કહી ધમકાવવામાં આવ્યાં હતાં. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, આરોપીઓએ વૃદ્ધાની બોગસ સહી અને અંગૂઠાના નિશાનવાળું બનાવટી એફિડેવિટ બનાવી, સરકારી કચેરીઓમાંથી દાખલો મેળવી જમીનનો પ્રકાર બદલવાની અરજી પણ કરી હતી. છેતરપિંડીનો અહેસાસ થતાં વૃદ્ધાએ ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે છેતરપિંડી અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ DySP રાજેન્દ્રસિંહ સરવૈયાને સોંપી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### યુપીના અપહરણ કેસમાં વોન્ટેડ આરોપી પલસાણાથી ઝડપાયો

પલસાણાઃ ઉત્તરપ્રદેશ રાજ્યના મહારાજગંજ જિલ્લાના નૌતનવા પોલીસ સ્ટેશનની એક ટીમ અપહરણના ગુનાની તપાસ અર્થે પલસાણા પોલીસ સ્ટેશન ખાતે આવી હતી. આ ગંભીર ગુનાની નોંધ લઈને પલસાણા પોલીસે સઘન તપાસ શરૂ કરી હતી. ચોક્કસ બાતમી મળતાં પોલીસે પલસાણાના તુંડી ગામે આવેલી વૃંદાવન સોસાયટી પાસેથી આરોપીને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપીની ઓળખ ધર્મદેવ સુગ્રીવ કનોજીયા (ઉં.વ.૨૧) તરીકે થઈ છે, જે મજૂરીકામ કરે છે અને હાલ તુંડી ગામની વૃંદાવન સોસાયટીમાં રહેતો હતો. આરોપી સામે ઉત્તરપ્રદેશના નૌતનવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હતો. પલસાણા પોલીસની ત્વરિત કાર્યવાહીના કારણે આંતરરાજ્ય ગુનાના આરોપીને પકડીને ઉત્તરપ્રદેશ પોલીસને સુપરત કરવામાં આવ્યો છે.

### બાલપુરમાં જુગારીઓના ખેલમાં પોલીસે ભંગ પાડ્યો

વ્યારાઃ વ્યારા પોલીસે બાલપુર ગામે દવાખાના ફળિયામાં તળાવ નજીક રોડની સાઈડમાં મહુડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં ગંજી પાનાંનો હાર જીતનો જુગાર રમતા 6 જુગારીને પકડી પાડ્યા હતા. પોલીસે રોકડા રૂ.3380નો મુદ્દામાલ કબજે લઈ તમામ પકડાયેલા આરોપી અનિલ બચુ ગામીત (ઉં.વ.46) (રહે.,નિશાળ ફળિયું, બાલપુર), ઉમેશ કિશન ગામીત (ઉં.વ.36) (રહે.,દવાખાના ફળિયું, બાલપુર), અનિલ દેવજી ગામીત (ઉં.વ.45) (રહે.,ભવાની ફળિયું, તા.વાંદરદેવી), રણજીત પુનીયા ગામીત (ઉં.વ.43) (રહે.,દવાખાના ફળિયું, બાલપુર), અમરસિંગ કાઠીયા ગામીત (ઉં.વ.56) (રહે.,હાઇસ્કૂલ ફળિયું, બાલપુર), રાકેશ ભીમસિંગ ગામીત (ઉં.વ.32) (રહે.,ગાંધી ઓવારા ફળિયું, પાટી) વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પાલોદમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ

હથોડાઃ પાલોદ પોલીસ મથક અને વિસ્તારમાં ચોરાયેલા 29 જેટલા મોબાઈલ પોલીસે શોધી કાઢી મોડી સાંજે મૂળ માલિકોને હાજર રાખી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ પાલોદ પોલીસ મથકના થાણા અમલદાર અમીરાજસિંહ રાણાએ મૂળ માલિકોને મોબાઇલ પર કર્યા હતા. મોબાઇલ પરત મળતાં માલિકોએ પોલીસનો આભાર માન્યો હતો.

### માંડવી MCA કોલેજની બે વિદ્યાર્થિનીઓની GTU ઝોન-5 કબડ્ડી ટીમમાં પસંદગી

માંડવીઃ ધી માંડવી એજ્યુકેશન સોસાયટી સંચાલિત MCA કોલેજની વિદ્યાર્થિનીઓએ રમતગમત ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સુરત ખાતે આવેલી સી.કે.પીઠાવાલા કોલેજમાં તા.૨૫ ઓગસ્ટના રોજ યોજાયેલી GTU ઝોન-૫ ગર્લ્સ કબડ્ડી સ્પર્ધામાં MCA કોલેજની બે વિદ્યાર્થિનીઓ ઝોનની ટીમમાં પસંદ પામી છે. આ સ્પર્ધામાં વિવિધ કોલેજોની કુલ ૬ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં માંડવી MCA કોલેજમાં સેમેસ્ટર-૧ માં અભ્યાસ કરતી ચૌધરી તેજસ્વિનીકુમારી કાંતિલાલ અને વસાવા કુસુમ સામાભાઈએ ઉત્કૃષ્ટ રમત અને કૌશલ્યનું પ્રદર્શન કરી GTU ઝોન-૫ ની ગર્લ્સ કબડ્ડી ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. પસંદગી પામેલ બંને ખેલાડીઓ હવે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ મહેસાણા ખાતે યોજાનારી યુનિવર્સિટી કક્ષાની ગર્લ્સ કબડ્ડી સ્પર્ધામાં GTU ઝોન-૫ ટીમનું પ્રતિનિધિત્વ કરશે. બંને વિદ્યાર્થિનીઓને શાળાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઉકાઈમાં મોબાઈલ શોપમાં ચોરી કરનાર ઝડપાયો

સોનગઢઃ તાપી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડે ઉકાઈની ભાટિયા મોબાઈલ શોપમાં થયેલી રૂ.૧.૭૯ લાખની ચોરીનો વણઉકેલાયેલો ગુનો ઉકેલી કાઢ્યો હતો. બાતમીના આધારે પોલીસે આરોપી દીપક સુનીલ પાસવાનને ઝડપી પાડી, તેની પાસેથી ૧,૪૯,૦૨૨ની કિંમતના ૩ મોબાઈલ અને ૪૦,૦૦૦ રોકડા મળી કુલ ૧,૮૯,૦૨૨નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી છે.

### દેલાડ પાસે મોપેડ અડફેટે શ્રમિકનું મોત

સાયણઃ સાયણ-અમરોલી રોડ પર દેલાડ ગામ નજીક મંગળવારે સાંજે રસ્તો ઓળંગી રહેલા મૂળ ઓડિશાના ૫૫ વર્ષીય શ્રમિક ગણેશ ગૌડાને પૂરઝડપે આવતી મોપેડ નં.(GJ-05-HK-3332)ના અજાણ્યા ચાલકે પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં બુધવારે બપોરે તેમનું મોત નીપજ્યું હતું. મૃતકના પુત્રની ફરિયાદના આધારે ઓલપાડ પોલીસે મોપેડ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કોસંબા હાઈવે પર RTOનું ચેકિંગ, અનેક ચાલકો દંડાયા

ઈબ્રાહીમ કાનુ

**કોસંબા**-માંગરોળ રોડ પર આડેધડ દોડતાં 19 વાહનને સવા લાખનો દંડ કરાયો

હથોડાઃ ગુરુવારે સવારે 11 કલાકે સુરત જિલ્લા RTO PI વિપુલ મોરકર, RTO સ્ટાફ અને જિલ્લા ટ્રાફિક પોલીસે સાથે મળીને નેશનલ હાઈવે 48 પર આવેલા કોસંબા ફાટક ઓવરબ્રિજ નીચે કોસંબા- માંગરોળ રોડ પર આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન બેફામ દોડતાં ડમ્પર્સ, લક્ઝરી બસો અને નિયમભંગ કરતા ઓવરલોડ વાહનો સામે કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના દંડાત્મક પગલાં લેવામાં આવ્યાં હતાં.

RTO અને ટ્રાફિક પોલીસની આ લાલ આંખને કારણે કાયદો હાથમાં લઈને ફરતા ચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. તમામ નીતિ-નિયમો નેવે મૂકીને વાહન ચલાવનારા સામે કડક કાર્યવાહી કરીને કુલ 19 જેટલા કેસ કરવામાં આવ્યા હતા. RTOની આ સરપ્રાઝ ડ્રાઈવના સમાચાર પ્રસરતાં જ કેટલાક ઓવરલોડ વાહનચાલકો રોડ પરથી અદૃશ્ય થઈ ગયાં હતાં.

# યુવક આઈસક્રીમ લેવા ગયો ને તસ્કર બાઈક ચોરી ગયો

**કામરેજ** ચાર રસ્તા નજીક શોપિંગ સેન્ટર પાસેની ઘટના

વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ ચાર રસ્તા નજીક ભવાની કોમ્પ્લેક્સમાં બાઈક પાર્ક કરીને આઈસક્રીમ લેવા ગયો ને અજાણ્યો તસ્કર બાઈકની ચોરી કરીને નાસી છૂટ્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

મૂળ મહારાષ્ટ્રના ધુલે જિલ્લાના માલેગાવના વતની અને હાલ કામરેજના નવાગામની હદમાં ભવાની કોમ્પ્લેક્સમાં મકાન નં.128માં નિલેશ ઉકાજી નિકમ રહે છે. પોતાની હિરો સ્પલેન્ડર નં.(એમએચ 18 સીએમ 3469) કામ માટે ઉપયોગ કરે છે. એક અઠવાડિયા અગાઉ બપોરના આશરે 1 કલાકે બહેન સાથે હર્ષિલાબેન ચૌધરી સાથે બાઈક લઈને દાદા ભગવાન મંદિરની પાછળ મકાન જોવા માટે ગયા હતા. મકાન જોઈ પરત 2 કલાકે ભવાની કોમ્પ્લેક્સમાં આવેલી જનતા આઈસક્રીમની દુકાનમાં બાઈક પાર્ક કરીને લેવા માટે ગયો ને આઈસક્રીમ લઈને પરત આવતાં પાર્ક કરેલી જગ્યાએ બાઈક જોવા ન મળતાં ચોરી થઈ ગઈ હતી. દુકાન નજીક લગાવેલા સીસીટીવીમાં બાઈક લઈ જનાર નજરે કેદ થયો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં નિલેશ નિકમે રૂ.40000ની બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

# દેરોદ નજીક એક સંતાનની માતાનો ફાંસો ખાઈ આપઘાત

કામરેજઃ મૂળ અમદાવાદના ભાણગઢ અને હાલ કામરેજના દેરોદ ગામે શુભનંદની સોસાયટી વિભાગ-2માં મકાન નં.417માં રહેતી મનીષાબેન અશ્વિનભાઈ પરમાર (ઉં.વ.27) પતિ સાથે વતન જવાની હતી. પરંતુ પતિને પગાર થયો ન હોવાથી પતિ પગાર લેવા માટે બુધવારે ગયા હતા. સવારે 11 કલાકે મનીષાબેને પતિને ફોન કરીને પૂછ્યું ક્યાં પહોંચ્યા તો ઘરે આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. બાદ 12.30 કલાકે મનીષાબેનના પતિ ઘરે પહોંચી ગયા હતા. ઘરમાં આગળના રૂમમાં પુત્રી પિયાંશી દેખાઈ હતી અને મનીષાબેન ન દેખાતાં પુત્રીને પૂછતાં રૂમમાં કપડાં બદલે છે તેવું જણાવ્યું હતું. થોડીવાર છતાં પણ મનીષાબેન રૂમમાંથી બહાર ન નીકળતાં દરવાજો ખખડાવ્યો તેમજ ફોન કરતાં પણ કોઈ જવાબ ન મળતાં આખરે ઘરના વાડામાંથી જાળી ખોલીને રૂમમાં જોતાં મનીષાબેન ઓઢણી વડે ફાંસો ખાઈ લીધેલી હાલતમાં જોતાં બૂમાબૂમ કરતાં પાડોશમાં રહેતા લોકો દોડી આવીને મનીષાબેનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે મનીષાબેનને મૃત જાહેર કરી પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીમાં જુગાર રમતા ૪ પરપ્રાંતીય ઝડપાયા

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસ દ્વારા સ્ટેશન રોડ પર આવેલા એમ્પાયર પ્લાઝા બિલ્ડિંગના ધાબા પર છાપો મારી જાહેરમાં જુગાર રમતા ચાર ઈસમને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસને મળેલી બાતમીના આધારે તા.૨/૯/૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યાના સુમારે આ રેડ કરવામાં આવી હતી, જેમાં ગંજીપાના વડે જુગાર રમતા મૂળ ઓડિશા અને મુંબઈના ચાર શખ્સ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલા આરોપીઓમાં સીલુ કાલુ નાયક (ઉં.વ.૨૬), મલાના હરીચંદન સજીત (ઉં.વ.૨૭), સાલુ કાલુ નાયક (ઉં.વ.૨૨) (ત્રણેય મૂળ રહે.,ગંજામ, ઓડિશા) અને રવિન્દ્ર શ્રીધર વિઠોલા (ઉં.વ.૫૦) (મૂળ રહે.,સાયન કોલીવાડા, મુંબઈ) નો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ હાલ બારડોલીમાં રેડચીલ્લી રેસ્ટોરન્ટના ઉપરના ભાગે રહે છે.

પોલીસે આરોપીઓ પાસેથી અંગજડતીના રોકડા રૂ.૨,૦૫૦ અને દાવ પર મૂકેલા રોકડા રૂ.૬૩૦ તેમજ ગંજીપાના મળી કુલ રૂ.૨,૬૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. અ.હે.કો. જીતેન્દ્રભાઈ બીજલભાઈની ફરિયાદના આધારે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી ASI દીપકભાઈ વિઠ્ઠલભાઈ પાટીલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અંકલેશ્વરમાં નશાની હાલતમાં એક ઝડપાયો

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વર રેલવે સ્ટેશને કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં પેટ્રોલિંગ દરમિયાન ભરૂચ રેલવે પોલીસે સુરતના કામરેજના નનસાડ ખાતે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા કૌશિક મગનભાઈ ગજેરા (ઉં.વ.૪૦)ને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યો હતો. મેડિકલ તપાસમાં આલ્કોહોલની પુષ્ટિ થતાં રેલવે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

# અંકલેશ્વરમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળશે

અંકલેશ્વરઃ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં વસતા સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે દર વર્ષે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. શોભાયાત્રા સરદાર ભવનથી નીકળી શ્રાવણ ચોકડી, નિયમ ચોકડી, ગોલ્ડન પોઈન્ટ ચોકડી, ગણેશ પાર્ક, સરદાર પાર્ક, સ્વામિનારાયણ મંદિર, માનવ મંદિર, શ્રી ગોવર્ધન નાથ હવેલી, નવજીવન ગરબા ગ્રાઉન્ડ, પશુપતિનાથ મંદિર, જલધારા ચોકડી, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરી વિદ્યાલય થઈ સરદાર ભવન પરત ફરશે.

આ શોભાયાત્રા બપોરે ૨ વાગ્યે નીકળશે અને સાંજે ૭ વાગ્યે પરત ફરશે, જેમાં ૫૧ જેટલી સામાજિક સંસ્થાઓના આગેવાનો અને સભ્યો જોડાશે.


**જાહેરનામું**
ગુજરાત સરકાર
મહેસુલ, વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ — તા. 31 AUG 2026
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૯૪૨-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા રોડ (SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૪૧-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-3 થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં "ચીખલી-સાપુતારા રોડ (SA-15) (સેકશનઃ વઘઈ- શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને 3 ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને
૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૧૪-૮૧૮-૫, તા.૧૯/૧૧/૨૦૨૫ થી નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને
3. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-૫ તા.૧૯/૧૧/૨૦૨૫ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને
૪. હવે જ્યારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના કલેક્ટરના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને
૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.
૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ"ની કલમ- ૩(૪) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગની નિમણૂક કરે છે.
૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. લહાનદાબદર |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
| ૧ | ૫૩ | ૦૦-૨૩-૩૨ |
| ૨ | ૧૭૭ | ૦૦-૩૧-૪૦ |
| ૩ | ૧૭૮ | ૦૦-૦૭-૬૫ |
| ૪ | ૧૮૮ | ૦૦-૨૦-૨૨ |
| ૫ | ૧૯૩ | ૦૦-૩૩-૩૦ |
| | કુલ | ૦૧-૧૫-૮૯ |

૮. તા.૧૯/૧૧/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક નં. અમ-મ-૨૦૨૫-૮૧૩-જડગ-૧૪૨૦૨૪-૮૧૮-ઘ સાથેની અનુસૂચિમાં નીચેની વિગતે દર્શાવેલ જમીન ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે. તેથી તે જમીનનું ઉપર દર્શાવેલ હેતુ માટેનું સંપાદન આથી પડતું મુકવામાં આવે છે.

સંપાદનમાંથી પડતી મુશ્કેલ જમીનની વિગત

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. લહાનદાબદર |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.) |
| ૧ | ૫૩ | ૦૦-૦૪-૬૮.૯૧૫૯ |
| ૨ | ૧૭૮ | ૦૦-૧૯-૬૧.૨૫૦૩ |
| ૩ | ૧૯૩ | ૦૦-૦૨-૫૬.૦૨૦૩ |
| ૪ | ૧૯૫ | ૦૦-૦૦-૪૫.૪૮૮૬ |
| | કુલ | ૦૦-૨૭-૩૧.૬૭૫૧ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(ડી. બી. નિમાવત)
સરકારના નાયબ સચિવ
ક્રમાંકઃમાહિતી/ડાંગ/૯૩/૨૦૨૬



**જાહેરનામું**
ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ — તા. 24 AUG 2026
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૮૮૬-જડગ-૧૪૨૦૨૪-૮૭૦-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા ર